आज़ादी का अमृत महोत्सव

મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી (વર્ગ-૧)
બહુમાળી મકાન, સી-બ્લોક, છઠ્ઠો માળ, નાનપુરા, સુરત
ફોન નં.(ફેક્સ નં) :- (૦૨૬૧) ૨૪૭૭૧૨૮
E-mail Address :- vosurat@gmail.com


મ.ક./આ.વિ/સ્કોલરશીપ/પરીપત્ર/ ૧૨૫૭ થી/૨૦૨૬ ૪૨૬૮ તા.૧૬/૦૬/૨૦૨૬

# પરીપત્ર


SCET/SURAT/IN/ 857
Date 18 JUN 2026


**તાત્કાલિક/અગત્યનુ**

પ્રતિ,
આચાર્યશ્રી/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજીસ્ટ્રારશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો/યુનીવર્સીટીઓ,
જિ.સુરત

વિષય:- પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/ ફ્રી શીપ કાર્ડ શિષ્યવૃત્તિ હેઠળ તેમજ ફ્રી-શીપ કાર્ડ મેળવવા અર્થે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૬-૨૭ થી NAAC (A/A+/A++)/NBA એક્રિડિટેશન લાગુ પાડવા બાબત.

સંદર્ભ:- ગુજરાત સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : TDD/SXN/e-file/25/2025/0356/G તા.૨૫/૦૬/૨૦૨૫.

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/ ફ્રી શીપ કાર્ડ શિષ્યવૃત્તિ તેમજ ફ્રી-શીપ કાર્ડ મેળવવા માટે,

- શૈક્ષણિક વર્ષ: ૨૦૨૬-૨૭ થી માન્યતા પ્રાપ્ત ખાનગી યુનિવર્સિટીઓ પૈકી જે યુનિવર્સિટીઓની સ્થાપનાને ૦૫ (પાંચ) વર્ષ પુર્ણ થયા છે અને લાગુ પડતું NAAC એક્રિડિટેશન મેળવેલ નથી તેવી ખાનગી યુનિવર્સિટી દ્વારા NAAC એક્રિડિટેશન તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં મેળવી લેવાનું ઉક્ત સંદર્ભદર્શિત ઠરાવથી સરકારશ્રી દ્વારા ઠરાવેલ છે. જો પાંચ વર્ષ પુર્ણ થયેલ છે અને તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં જરૂરી NAAC (A/A+/A++)/NBA એક્રિડિટેશન મેળવેલ ન હોય તેવી તે ખાનગી યુનિવર્સિટીમાં

18/06/2026
Academic

નવા પ્રવેશ મેળવનાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ શિષ્યવૃત્તિને પાત્ર રહેશે નહી.

- ઉપરાંત જે ખાનગી યુનિવર્સિટીની સ્થાપનાને ૦૫ (પાંચ) વર્ષ પુર્ણ થયા નથી અને વાનુ પડતું NAAC એક્રિડિટેશન મેળવેલ નથી તેવી ખાનગી યુનિવર્સિટીએ સ્થાપનાના ૦૫ (પાંચ) વર્ષ પુર્ણ થાય ત્યાં સુધી અથવા તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં એ બેમાંથી જે મોડું હોય ત્યાં સુધીમાં NAAC એક્રિડિટેશન મેળવી લેવાનું રહેશે. અન્યથા આગામી શૈક્ષણિક વર્ષથી તે ખાનગી યુનિવર્સિટીમાં નવા પ્રવેશ મેળવનાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિને પાત્ર રહેશે નહી.
- વધુમાં જણાવવાનું કે, જે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫ કે તે અગાઉના વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય, તેઓને અભ્યાસ પુર્ણ થાય ત્યાં સુધી, શિષ્યવૃત્તિનો લાભ આપવાનું ચાલુ રહેશે.
- ઉપરાંત જો કોઇ ખાનગી યુનીવર્સીટી NAAC એક્રિડિટેશન જોડાણ ન ધરાવતી હોય પરંતુ, તે યુનીવર્સીટીમાં ચાલતા અભ્યાસક્રમને NBAની માન્યતા પ્રાપ્ત થઇ હોય તેવા અભ્યાસક્રમમાં કોઇ વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬માં પ્રવેશ મેળવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ ત્યારબાદ અભ્યાસક્રમ પુર્ણ થાય ત્યાં સુધી શિષ્યવૃતિ મેળવવાને પાત્ર રહેશે

આથી તમામ માન્યતા પ્રાપ્ત ખાનગી યુનિવર્સિટીઓએ સ્થાપનાને ૦૫ (પાંચ) વર્ષ પુર્ણ થયા હોય અને વાનુ પડતું NAAC એક્રિડિટેશન મેળવેલ હોય તેમણે NAAC એક્રિડિટેશનનું પ્રમાણપત્ર તેમજ જે ખાનગી યુનિવર્સિટીઓએ સ્થાપનાને ૦૫ (પાંચ) વર્ષ પુર્ણ થયેલ નથી તેઓએ તે અંગેના આમનિક પુરાવા સહ સંસ્થાના લેટર પેડ પર સક્ષમ અધિકારીના સહી સિક્કા સાથે અત્રેની કચેરીને સબબ પ્રકારની બાહેંધરી રજૂ કરવાની રહેશે. જો સંસ્થા દ્વારા આ અંગેના પુરાવાઓ અત્રેની કચેરી ખાતે રજૂ કરવામાં નહી આવે તો તેવી સંસ્થાઓના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર થશે નહિ.

મદદનીશ કમિશ્નર, (તકેદારી)
આદિજાતિ વિકાસ, સુરત.

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુ.રા., ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ
(૨) માન.પ્રાયોજના વહીવટદારશ્રી.(TASP) તા. માંડવી, જિ.સુરત તરફ જાણ થવા વિનંતી સહ